**ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૧૧૨૩૦૧૮૧/૨૦૨૩ નાં કામે અરજદાર/આરોપી મુસ્તુફા ઉર્ફે સમીર ઉર્ફે બોડો ઉર્ફે કઠીયારો સ./ઓ. ફકીરમંહમદ કઠીયારા નાંઓની જામીન અરજી લગત હુકમ.**

..............................................................................................

(૧) અરજદાર/આરોપી ની હાલની જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. બચાવ પક્ષે વિ.વકીલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. બનાવ અંગેની ટુંકમાં હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **આર્મ્સ એકટની કલમ: ૨૫(૧–બી)(એ) તથા જી.પી.એકટની કલમ:૧૩૫** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે.

(૨) બચાવપક્ષે વિ.વકીલશ્રી તરફે દલીલ છે કે, આરોપી એ આવો કોઈ ગુનો કરેલ નથી. આરોપી ને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ ગુનાનો આક્ષેપ છે. સદરહું ગુન્હામાં જામીન આપવાની નામદાર કોર્ટને સત્તા છે. તેમજ ટ્રાયલ ચાલતા દરમ્યાન નામ.સાહેબશ્રીની કોર્ટમાં હાજર રહેશે. સદર ગુના સબબ કામ ચાલતા ખુબજ સમય લાગે તેમ છે અને આ સંજોગોમાં આરોપી પ્રિ–ટ્રાયલ કન્વિશનનો ભોગ બને તેમ છે. તેમજ નામ.અદાલત જે કોઈ શરતો ફરમાવવામાં આવશે તે શરતોનું પાલન કરવાની બાહેંધરી આપતા હોય આરોપી નાં જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત છે કે, આરોપી સામે ગંભીર પ્રકારનાં ગુન્હાનો આરોપ છે. હાલ આવા ગુન્હાનું પ્રમાણ વધી રહયુ છે. જો આવા ગંભીર પ્રકારનાં ગુન્હામાં આરોપી ને સહેલાયથી જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આવા ગુન્હો કરવા વાળાને પ્રોત્સાહન મળશે જેથી આ કામનાં આરોપીઅનાં જામીન અરજી ના–મંજુર કરવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી. સદરહું કામમાં આરોપી સામે **આર્મ્સ એકટની કલમ: ૨૫(૧–બી)(એ) તથા જી.પી.એકટની કલમ:૧૩૫** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે. જેમા પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. ટ્રાયલ વખતે આરોપી ની હાજરી ઉપલબ્ધ રહે તેમ છે અને સાહેદ પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા જણાતી નથી. લાંબો સમય સુધી આરોપી

ને જયુ.કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થવાની શકયતાને નકારી શકાય નહી. નામદાર અદાલત જે કાંઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા બાંહેધરી આપે છે. જેથી સી.આર.પી.સી. કલમ:૪૩૭ અન્વયેની વિવેકાધીન સત્તાઓ આરોપી ની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઈ આવતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

– હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

– ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૧૧૨૩૦૧૮૧/૨૦૨૩ નાં કામે **અરજદાર/આરોપી મુસ્તુફા ઉર્ફે સમીર ઉર્ફે બોડો ઉર્ફે કઠીયારો સ./ઓ. ફકીરમંહમદ કઠીયારા** નાંઓને **રૂા.૨૦,૦૦૦ /–(અંકે વીસ હજાર પુરા)** નાં જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:</u>**

(૧) આરોપીએ અત્રેની કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૨) આરોપીએ ફરીથી આવી કોઈ ગુનાહીત પ્રવૃતિ કરવી નહી.

(૩) આરોપીએ તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં બોલાવે ત્યારે હાજર રહેવુ અને તપાસમાં સહકાર આપવો.

(૪) આરોપીએ પોતાની ઓળખનો અને કાયમી રહેઠાણનો પુરાવો રજુ કરવો.

(૫) આરોપીએ ચાર્જસીટ થતા સુધી દર માસની ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં એક વખત સંબધિત પોલીસ સ્ટેશનમાં હાજરી આપવી.

હુકમ આજ તા.૧૪, માહે –જુન, સને – ૨૦૨૩ ના રોજ ખૂલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :૧૪/૦૬/૨૦૨૩
અમદાવાદ.

(મનીષ વી. ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫.